Accredited Grade "A" by NAAC

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ–૩૬૦ ૦૦૫

નં.એકે/ એ.સી./ ૩૯૯ /૨૦૧૫ તા.૬ /૪/૨૦૧૫

પરિપત્રઃ–

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રી યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રોઓ તેમજ કાર્યાલયના તમામ વિભાગના વડાઓને સવિનય જણાવવાનું કે એકેડેમિક કાઉન્સિલઅની તા.૩૦–૩–૨૦૧૫ની સભાના ઠરાવક્રમાંક '૩૩૪' થી નીચે પ્રમાણે ઠરાવવામાં આવેલ છે.

આથી સંબંધિત સર્વેએ તે મુજબ તેનો અમલ કરવા વિનંતી.

ઠરાવક્રમાંક '૩૩૪'

(૧) વિદ્યાર્થીઓ અને ભવનો/કોલેજોને ઉપયોગી પરિપત્રો સહિતની તમામ વિગતો વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરાવવી.
(૨) બધા ભવનમાં અને શકય હોય તો બધા ભવનોનું એક સાથે Job-fare નું આયોજન કરવું.
(૩) બધા સત્તામંડળમાં સભ્યોને એજન્ડા e-mail મારફત મોકલવા. માત્ર જે સભ્ય દ્વારા એજન્ડા હાર્ડ કોપીમાં માગવામાં આવે તેને જ તે હાર્ડ કોપીમાં આપવા.
(૪) યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓ દ્વારા NET/SLET પાસ કરવામાં આવે તેવા વિદ્યાર્થીઓનું માન.કુલપતિશ્રી સાથે ચા–મીટીગનું આયોજન કરી પ્રોત્સાહિત કરવા.
(૫) વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓને આવશ્યક માહિતી સહેલાયથી અને ઝડપથી મળી રહે તે માટે યુનિવર્સિટી દ્વારા એન્ડરોઈડ બેઈઝડ એપ્લીકેશનનો ઉપયોગ કરવો.
(૬) ભવનોના વિદ્યાર્થીઓ સાથે માન.કુલપતિશ્રીની કલસ્ટર મીટીગનું આયોજન કરવું.
(૭) વિદ્યાશાખા વાર જે–તે વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેમની વિદ્યાશાખાના ભવનોની નિયમિત અંતરે મુલાકાત લઈ અધ્યાપકશ્રીઓ/વિદ્યાર્થીઓને શૈક્ષણિક/બિનશૈક્ષણિક પ્રવૃતિની ગુણવતા સુધારવા માટે પ્રોત્સાહિત કરવા.
(૮) યુનિવર્સિટીના દરેક અનુસ્નાતક ભવનોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે કાળજી લેવાઈ તે હેતુ થી ભવનોમાં સ્વચ્છતા માટે તંદૂરસ્ત હરિફાઈનું આયોજન કરવું.

આદેશથી,

(ડો.ધીરેન ડી.પંડયા)
I/C.કુલસચિવ

રવાના કર્યુ

વિભાગીય અધિકારી
(એકેડેમિક વિભાગ)

પ્રતિ,
(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ .
(૨) યુનિવર્સિટી સ્થિત તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ,માન્ય સંસ્થાના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રી માટે.
(૩) સર્વે વિભાગના વડાઓ.
(૪) નિયામકશ્રી કોમ્પ્યુટર સેન્ટર,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
(ઉકત પરિપત્ર વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે સીડી સાથે)

નકલ સાદર રવાના :– (જાણ તથા યોગ્ય થવાં)
૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી